વડીલોને વંદન અભિનંદન


પંઢરીનાથ શંકરરાવ જગતાપ
(૧૯૩૮)મો.૯૮૨૫૦૨૯૨૦૪

પ્રેમીલાબેન હસમુખલાલ શાહ
(૧૯૪૮)ફોન: ૨૩૨૨૬૬૯૧

સૌદાતસિંઘ સંકલ્પસિંઘ સોલંકી
(૧૯૩૭)ફોન: ૨૩૨૬૧૫૬૮

ચંદ્રસિંહ આર. બિહોલા
(૧૯૪૫)મો.૯૪૨૬૨૮૨૮૨૧

ભગવાનભાઈ કા. ગોહેલ
(૧૯૪૬)મો.૯૯૭૮૪૪૨૦૪૪

પ્રવીણભાઈ બી. પટેલ
(૧૯૫૫)મો. ૯૮૨૪૬૭૭૭૦૬

સવિતાબેન એસ. ગોસ્વામી
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૫૭૦૨

રાજ્ય ખાંડ ઉદ્યોગ સંઘની સાધારણ સભા ગાંધીનગર ખાતે યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

સંશોધન કરેલા બિયારણ થકી રાજ્યમાં ખાંડ ઉત્પાદન વધારવું ખૂબ જ જરૂરી છે, તેમ આજે ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય ખાંડ ઉદ્યોગ સંઘની ૫૩મી વાર્ષિક સાધારણ સભાના અધ્યક્ષ અને કૃષિ અને સહકાર મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું. સાધારણ સભામાં અતિથિવિશેષ તરીકે વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતનું સહકારી માળખું દેશમાં નમૂનારૂપ છે. રાજ્યની આર્થિક સદ્ધરતામાં કૃષિ અને પશુપાલનની ભૂમિકા મહત્વની છે. ગુજરાતમાં ખાંડની ઉત્પાદકતા વધારવા માટે ખેડૂતના પોતાના ખેતરમાં જ સંશોધન કરેલા બિયારણો વિકસાવવા રાજ્ય સરકાર સતત -યત્નશીલ છે. રાજ્યની ખાંડ ઉદ્યોગની નબળી ખાંડ મિલોને ઉભી કરવા સહયોગ આપવા રાજ્ય સરકાર તૈયાર છે. ખાંડ ઉદ્યોગમાં ઉત્પાદકતા વધારવા રોપણી અને કાપણીમાં યાંત્રિકીકરણ તરફ વળવા તેમજ પાણીનો બગાડ અટકાવી જરૂરિયાત મુજબ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ સહકારી માળખું મજબૂત કરવા સહકારી કાયદામાં ખેડૂતલક્ષી સુધારા અંગે જરૂરી સૂચનો કરવા પણ સહકારી ક્ષેત્રોનો અગ્રણીઓ દ્વારા જણાવાયું હતું.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખાંડની ઉત્પાદકતા વધારવા સુધારેલું બિયારણ અને તેની માવજત ઉપર ભાર મુકવા જણાવ્યું હતું. ખાંડ ઉદ્યોગમાં ઉત્પાદન વધારી ગુજરાત દેશમાં વધુ ઉત્પાદનનો એવોર્ડ મેળવે તેવા સતત -યત્નો કરવા જોઈએ તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

વાર્ષિક સાધારણ સભામાં ગુજરાત સહકારી ખાંડ ઉદ્યોગ સંઘના -મુખ શ્રી માનસિંહભાઈ પટેલે સ્વાગત -વચન અને રૂપરેખા આપી હતી તેમજ ઉપ-મુખ શ્રી ઈશ્વરસિંહ પટેલે આભારવિધિ કરી હતી.

આ -સંગે ગુજરાત રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરીભાઈ અમીન, ગુજરાત રાજ્ય માર્કેટીંગ બોર્ડના અધ્યક્ષ શ્રી રમણભાઈ જાની, ખાંડ સહકારી અગ્રણી શ્રી ઈન્દુભાઈ પટેલ, શ્રી જયંતિભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર શ્રી કેતન ભટ્ટ તેમજ વિવિધ ખાંડ ઉદ્યોગ મંડળીઓના -મુખ, સભ્યો, સભાસદો અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચ માર્ગ પરથી પસાર થઈ રહેલી પેસેન્જર રીક્ષાને ચ-૫ સર્લ નજીક કારની ટકકર લાગતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી ગંભીર ઈજાઓ મુસાફરો કે વાહનચાલકને થવા પામી ન હતી. ત્રણ વ્યકિતને સામાન્ય ઈજાઓ થઈ હતી.

પાક વિમા ચૂકવણીમાં અન્યાય દૂર કરવા જામનગરના ત્રણ તાલુકાના ખેડૂતોની રજુઆત

ગાંધીનગર, તા.૩૧

જામનગર જિલ્લાના ત્રણ તાલુકાના ખેડૂતોને પાક વિમાની ચૂકવણીમાં થયેલ અન્યાય દૂર કરીને પાક વિમાની ચૂકવણી કરવા માટે જિલ્લાના આગેવાનોના સર્વ પક્ષીય પ્રતિનિધિ મંડળે આજે રાજયના કૃષિ મંત્રી સમક્ષ રજુઆત કરી હતી.

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજી પટેલ અને ભાજપના ધારાસભ્ય ચાવડાની આગેવાનીમાં ૧૫૦જેટલા ખેડુતોનું એક સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળે રાજયના કૃષિ મંત્રી બાબુભાઈ બોખીરીયાને મળીને જામનગર જિલ્લામાં ત્રણ તાલુકાના ખેડૂતોને પાક વીમા ચૂકવણીમાં થયેલ અન્યાય દૂર કરીને પાક વિમાની રકમ ચૂકવી આપવા રજૂઆત કરી હતી.

આ અંગે ધારાસભ્ય રાઘવજી પટેલે પત્રકારોને વિગતો આપતાં જણાવ્યું હતું કે જામનગર જિલ્લામાં મગફળી તથા કપાસ પાકનો તાલુકાનો કુલ વાવેતર વિસ્તાર કોઈ વિશ્વાસપાત્ર રેકર્ડના આધારે તૈયાર થયેલ ન હોઈ આવા વાવેતર વિસ્તારના આધારે વિમાની ગણતરી થયેલ છે જે અન્યાયકર્તા છે.

તેમણે જણાવ્યું હતું કે હેકટર દીઠ ધીરાણની જે મર્યાદા નક્કી થયેલ છે તેટલી જ રકમનું પ્રિમીયમ નોડલ એજન્સી બેંકો દ્વારા વિમા કંપનીને મોકલેલ છે તેથી હેકટર દીઠ ઓવર લોનીંગ ગણીને ગણતરી થયેલ છે તે પણ અન્યાયકર્તા છે.

તેમણે જણાવ્યું હતું કે હેકટર દીઠ ધીરાણની જે મર્યાદા નક્કી થયેલ છે તેટલી જ રકમનું પ્રિમીયમ નોડલ એજન્સી બેંકો દ્વારા વીમા કંપનીને મોકલેલ છે તેથી હેકટર દીઠ ઓવર લોનીંગ ગણીને ગણતરી થયેલ છે તે પણ અન્યાયકર્તા છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયમાં અપૂરતો વરસાદ થવાથી ઓગષ્ટ ૨૦૧૨માં અછત જાહેર કરવામાં આવેલ હતી. સપ્ટે-૨૦૧૨માં ૧૨૫ મી.મી.થી વધુ વરસાદ થવાથી સરકારે અછત ઉઠાવી લીધેલ ત્યારબાદ સરકાર દ્વારા ધોરણ મુજબ મહેસુલ વિભાગ દ્વારા આનાવરી થતાં એપ્રિલ ૨૦૧૩માં અછત જાહેર કરવામાં આવેલ હતી. આમ સરકારના મહેસૂલ વિભાગે ખેતીવાડી ખાતા દ્વારા થયેલ અખતરામાં આવેલ ઓછા ઉત્પાદનને સમર્થન આપેલ છે.

કાંકરિયા કાર્નિવલનો રંગેચંગે સમાપન : તંત્રને મોટી રાહત

છેલ્લા સાત દિવસ કાંકરિયા લેકફ્રન્ટ પર કાર્નિવલની ધૂમ

અમદાવાદ, તા.૩૧

શહેરમાં ૨૫મી ડિસેમ્બરથી શરૂ થયેલા કાંકરિયા કાર્નિવલની ગઈકાલના રોજ પૂર્ણાહુતિ થઈ ગઈ હતી જેમાં અનેક કાર્યક્રમો પણ યોજાયા હતા અને દરરોજના લોકોનો ધસારો પણ ખૂબ જ રહેતો હતો. પરંતુ ગઈકાલના રોજ છેલ્લો દિવસ હોવાથી ભારે પ્રમાણમાં જનમેદની ઊમટી પડી હતી. કાંકરિયા કાર્નિવલનું ભવ્ય આતશબાજી સાથે સમાપન થયું હતું. અમદાવાદની શાનસભા કાંકરિયા કાર્નિવલ ફેસ્ટિવલનું છઠ્ઠું વર્ષ વાજતે-ગાજતે પૂર્ણ થયું હતું. જેમાં છેલ્લો દિવસ હોવાથી લાખો સહેલાણીઓનો મહેરામણ ઉમટ્યો હતો. લોકોએ ભેગા મળીને પૂરા થતા વર્ષને અલવિદા કર્યું હતું અને નવા વર્ષને વધાવી લીધું હતું. આ સાત દિવસમાં કાંકરિયા લેકફ્રન્ટ પર કાર્નિવલની ધૂમ મચી ગઈ હતી. અલગ-અલગ સ્ટેજ પર જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેનો ઘણા બધા સહેલાણીઓએ મજા લીધી હતી. કાંકરિયા કાર્નિવલ દર વર્ષે વધુને વધુ લોકપ્રિય બનતું જાય છે. સાત-સાત દિવસ સુધી કાંકરિયા તળાવના પરિસર પર અમદાવાદની સંસ્કૃતિ કળા સોળે કલાએ ખીલી ઊઠી હતી. કાંકરિયા કાર્નિવલ ઉદ્‌ઘાટન અને સમાપનમાં નરેન્દ્ર મોદીની ઉણપ સ્પષ્ટ દેખાઈ આવી હતી. લાખો ની જનમેદનીઓએ કાંકરિયા કાર્નિવલની મજા માણી પરંતુ બીજી બાજુ ટ્રાફિક સમસ્યાએ અમુક લોકોની મજા બગાડી હતી. શહેરી વિકાસ અને મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલે પ્રથમ વખત કાંકરિયા કાર્નિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉપરાંત કાર્નિવલમાં સાંસ્કૃતિક તેમજ એડવેન્ચરની પ્રવૃત્તિઓએ લોકોને ખાસ આકર્ષિત કર્યા હતા. લેશર શો, આતશબાજી, ડોગ શો જેવા આકર્ષણ ગત વર્ષની જેમ સરખા જ રહ્યા હતા. બીજી બાજુ અ.મ્યુ.કોર્પોરેશનના વિરોધ પક્ષ કોંગ્રેસે સામાન્યસભામાં વાંધો ઉઠાવ્યો હતો કે, અધિકારીઓ નવા નવા તાઈફા ઉજવવામાં વ્યસ્ત રહે છે. આ વર્ષ કાર્નિવલ વિવાદોનું કારણ બન્યું હતું.

તા. ૩૧-૧૨-૨૦૧૩નાં રોજ જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા આરોગ્યની માહિતી સભર વર્ષ ૨૦૧૪નાં વાર્ષિક કેલેન્ડરનું વિમોચન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં જિલ્લા પંચાયત, ગાંધીનગરના માન. જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન સાહેબના હસ્તે વર્ષ ૨૦૧૪ના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ડી.સી. જાગાણી, જિલ્લા આઈ.ઈ.સી. અધિકારીશ્રી નિનામા, પ્રોગ્રામ ઓફિસરશ્રી આઈ.સી.ડી.એસ. તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુચારા સાહેબ ઉપસ્થિત રહેલ હતા. આ સર્વેનો જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ શ્રી કિરીટસિંહ ચાવડાએ આભાર વ્યકત કરેલ હતો.

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ અને સીએનબીસી-ટીવી ૧૮ દ્વારા સ્ટર્લિંગ હોસ્પિટલને પ્રતિષ્ઠિત હેલ્થકેર એવોર્ડ

'બેસ્ટ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ-મેટ્રો'થી સન્માનિત કરાઈ

સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદને પ્રતિષ્ઠિત સીએનબીસી-ટીવી ૧૮નો ઈન્ડિયા હેલ્થકેર એવોર્ડ તા. ૨૩ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ નવી દિલ્હી ખાતે પ્લાનિંગ કમિશન ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ચેરમેન શ્રી મોન્ટેકસિંઘ આહલુવાલિયાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. સ્ટર્લિંગ હોસ્પિટલે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશથી આવતાં દર્દીઓનો શ્રેષ્ઠ સારવાર વિશ્વાસ જીત્યો છે અને આ એવોર્ડનું સન્માન પ્રાપ્ત કરી સ્ટર્લિંગ હોસ્પિટલે હેલ્થકેર સેકટરમાં તેની હાજરીને વધુ સુદૃઢ કરી છે.

આ સન્માનીય ઉપલબ્ધી બદલ સ્ટર્લિંગ હોસ્પિટલના ચેરમેનશ્રી ગીરીશભાઈ પટેલના જણાવ્યા અનુસાર 'શ્રેષ્ઠ મેડિકલ સારવાર પૂરી પાડવાના માનવીય અભિગમ સાથે અમારા વિઝન અને મિશને આ પ્રસંગ દ્વારા આગળ વધવા માટે પ્રેરિત કર્યા છે. અમારી નિષ્ણાત ડોકટર્સ ટીમ, મેડિકલ અને નોન મેડિકલ સ્ટાફ દ્વારા દર્દીઓને અપાતી સેવાઓ માત્ર ગુજરાત જ નહીં પરંતુ પડોશી રાજ્યો અને ભારત બહારથી આવતા દર્દીઓ માટે ગુણવત્તાપૂર્ણ પ્રતિબધ્ધતા તેમજ જવાબદારી પ્રત્યેની સભાનતા જ અમને આ ૩૦૦૦ હોસ્પિટલ્સમાંથી શ્રેષ્ઠ હોસ્પિટલ તરીકે અલગ તારવે છે.'

અમિત જેઠવા કેસમાં દિનુ સોલંકીની અરજી ફગાવાઈ

અમદાવાદ, તા.૩૧

ચકચારી અમિત જેઠવા હત્યા કેસમાં સંકળાયેલા મહત્વના આરોપી ભાજપના સાંસદ દિનુ સોલંકીએ ચાર્જશીટની નકલ મેળવવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી પણ હાઈકોર્ટે સાંસદ દિનુ સોલંકીની ચાર્જશીટની નકલ મેળવવાની અરજી ફગાવી દીધી છે. જૂનાગઢના ગીર અભ્યારણ્યમાં થતી ગેરકાયદે ખનન મામલે આરટીઆઈ થકી પોલ ખોલનાર આરટીઆઈ એક્ટિવીસ્ટ અમિત જેઠવા હત્યા પ્રકરણ કેસમાં તપાસ એજન્સી સીબીઆઈએ જૂનાગઢના ભાજપ સાંસદ દિનુ સોલંકી વિરૂદ્ધ તપાસ હાથ જેલના સળીયા પાછળ ધકેલ્યો હતો. સીબીઆઈએ દિનુ સોલંકીની પુછપરછ કરી હતી.

વાદળો છવાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઋતુમાં પુનઃવાતાવરણમાં પલટો નોંધાતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી છે. વર્તમાન સમયે ઘઉં, એરંડા, રાયડો, બટાકા, જીરૂ, વરીયાળી, મગફળી તેમજ શાકભાજી સહિતના રવિપાકોનું વાવેતર કરાયેલ છે. તેથી જો વાદળ છાયું વાતાવરણ લાંબા સમય સુધી રહે તો રવિપાકોમાં માલો-મચ્છી તેમજ સુચિયા પ્રકારની જીવાત આવવાની શક્યતા છે. આ અંગે હરીભાઈ પગી નામના ખેડુતે જણાવ્યું છે કે, છેલ્લા બે દિવસથી આકાશમાં વાદળો છવાઈ રહ્યા છે. ઉપરાંત સુર્યપ્રકાશનો અભાવ છે. જેથી રવિપાક ઘઉં, દિવેલા, રાયડો, જીરૂ તેમજ શાકભાજીના પાકોને નુકશાન થવાની શક્યતા છે. ત્યારે બીજી બાજુ ખેતીવાડી અધિકારીઓ ખેડુતોને પાકોમાં જો મેલો-મચ્છી તેમજ ચુસિયા પ્રકારની જીવાતો દેખાય તો શોષક પ્રકારની જંતુનાશક દવાઓ છાંટવાની સલાહ આપી રહ્યા છે.

પરીક્ષા સાથે સંકળાયેલ ત્રણ અધિકારીને શો કોઝ નોટીસ

અમદાવાદ, તા.૩૧

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં એમએ પાર્ટ-૧ની એક્સટર્નલ પરીક્ષામાં સ્વામિનારાયણ સંપ્રદાયના એક સાધુ કાપલી કરતા પકડાયા હોવાનો મામલો હાલ બિચક્યો છે. આ મામલે આજે યુનિવર્સિટી દ્વારા કેમેસ્ટ્રી ભવનમાં પરીક્ષા સાથે સંકળાયેલ ત્રણ અધિકારીઓને શો કોઝ નોટીસ પાઠવીને ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત સમગ્ર મામલાની તપાસ માટે ઉચ્ચકક્ષાની તપાસ કમિટી બનાવવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ભવનમાં એમએ પાર્ટ-૧ની એક્સટર્નલ પરીક્ષામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ કાપલી સાથે પકડાયા હતા. આ ઉપરાંત પરીક્ષામાં આ સાધુને વીઆઈપી સુવિધાઓ મળતી હોવાથી યુનિવર્સિટીની ભૂમિકા અંગે શંકા સેવાઈ રહી હતી. ત્યારે આ મામલાને યુનિવર્સિટી દ્વારા ગંભીરતાથી લેવામાં આવ્યો છે અને કેમેસ્ટ્રી ભવનમાં પરીક્ષા સાથે સંકળાયેલા ત્રણ અધિકારીઓને શો કોઝ નોટીસ ફટકારવામાં આવી છે. જેમાં તેમની પાસેથી સમગ્ર ઘટના અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત સમગ્ર મામલાની તપાસ માટે યુનિવર્સિટી દ્વારા ઉચ્ચકક્ષાની તપાસ સમિતી બનાવવામાં આવી છે. જે સાધુને વિશેષ સુવિધાઓ કોના કહેવાથી અને કોના દ્વારા આપવામાં આવી હતી? આ સમગ્ર પ્રકરણમાં કોણ-કોણ સંકળાયેલ છે તે અંગે તપાસ કરીને યુનિવર્સિટીને પોતાનો રિપોર્ટ સોંપશે.

સામુહિક રાજીનામા ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે સરપંચના રાજીનામાની ખરાઈ કરવામાં આવશે. આ પછી તેઓ પોતાનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીને આપી પંચાયતમાં વહીવટદારની નિમણુંક માટેની કાર્યવાહી હાથ ધરશે.

ગાંધીનગર તાલુકાના કોબા ગામમાં આજે આ સામુહિક રાજીનામાની વાતો પંચાયતના વર્તુળોમાં પ્રસરતાં જ સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

સફાઈ ઝુંબેશ ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવનાર છે. અભિયાન દરમિયાન સરકારી કચેરીઓ, જાહેર બાગ બગીચા, મુખ્ય માર્ગો, આંતરિક માર્ગો, દવાખાનાઓ, રાષ્ટ્રીય નેતાઓની પ્રતિમાઓની સફાઈ તથા જાહેર સ્થળોની સફાઈ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરના પાણી પુરવઠાને સુરક્ષિત રાખવા માટે કલોરીનેશનની ચકાસણી કરી દુરસ્તી પગલાં લેવામાં આવશે. ગટર સુવિધાની ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા દબાણ હટાવ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે.

સ્વચ્છતા અભિયાન દરમિયાન શાળા કોલેજના એન.એસ.એસ., એન.સી.સી., ઈકો કલબ, સ્કાઉટ ગાઈડના સ્વયં સેવકો અને વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટીકના વપરાશ સામે અવેરનેશ કેમ્પેઈન ચલાવવામાં આવશે. અને સ્વચ્છતા જાળવવામાં નગરજનોનો સહકાર મેળવવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

સફાઈ ઝુંબેશ દરમિયાન મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગોની સફાઈ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રૂ. ૩.૨૦ કરોડના ખર્ચે વસાવેલા પાંચ રોડ સ્વીપર મશીનો દ્વારા હાથ ધરવામાં આવશે અને કામગીરીના મોનીટરીંગ માટે જી.પી.આર.એસ. સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.

પ્રમુખના મામલે કકળાટ ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં સામાન્યતઃ સંગઠ્ઠનમાં ફેરફાર કરતાં પહેલાં એ.આઈ.સી.સી.ની મંજૂરી લેવાની પણ બંધારણમાં જોગવાઈ હોવા છતાં તેને કોરાણે મુકી અને બારોબાર નિરીક્ષકોના અભિપ્રાયને પણ નજર અંદાજ કરવામાં આવ્યો હોવાથી કાર્યક્રમોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

જો કે કેન્દ્રીય મોવડી મંડળને મળેલ રજુઆતો બાદ હાલ પુરતી આ નિમણુંક સ્થગિત કરવામાં આવી હોવાનું પણ કોંગ્રેસના અસંતુષ્ટ જૂથમાંથી જાણવા મળેલ છે.

કાર્યકારી નિમણુંકની કોઈ જોગવાઈ નહિ હોવાનું પણ પક્ષના કાર્યક્રમોમાં ચર્ચાઈ રહ્યું છે. આમ ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસના કરાયેલા ફેરફારો હવે વિવાદના વમળમાં સપડાઈ ગઈ છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો હાલ તો મૌન સેવી રહ્યા છે પણ મોવડી મંડળે કાચું કાપ્યું હોય તેવી લાગણીનો આડકતરી રીતે નિર્દેશ કરી રહ્યા છે.

પોલીસીનો અમલ કરવા ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાબદારી સ્વરૂપે ગરીબ મધ્યમ શ્રમજીવીઓ તેમજ આર્થિક રીતે પછાત લોકોનો ધંધો રોજગાર ચાલુ રાખવા, સ્ટ્રીટ વેન્ડર પોલીસીનો ગયા બજેટમાં પણ સૂચન કરેલ હતું. તે બાબતે શું કાર્યવાહી થઈ સૂચન નં.૨૦ મી સામાન્ય સભામાં પણ મંજૂર કરેલ છે. નેશનલ પોલીસી ઓન અર્બન સ્ટ્રીટ વેન્ડર ૨૦૦૯ની જોગવાઈ ધ્યાને લઈ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી 'શેરી ફેરિયા વેન્ડર સ્કીમ ૨૦૧૦' નો ઝડપી અમલ કરી શ્રમજીવી લોકોને સુવ્યવસ્થિત રોજગારી પુરી પાડવા તે બાબતે શું આજ દીન સુધી કાર્યવાહી થઈ તેમજ જયાં સુધી સરકારશ્રી દ્વારા ગાંધીનગર શહેરમાં લારી ગલ્લા પાથરણાં પાથરી રોજીરોટી મેળવતા ગરીબ મધ્યમ તેમજ આર્થિક પછાત શ્રમજીવીઓના ભારતીય બંધારણને આપેલા અધિકારનો સરેઆમ ઉલ્લંઘન કરી અને તેમની રોજગારી ઉપર ધંધા રોજગાર બંધ કરાવી અમુક રાજકીય તત્વો દ્વારા હસ્તક્ષેપ જે કાર્યવાહી થઈ રહી છે તેનાં કારણે તેઓ બેરોજગાર અને ભુખે મરે તેવી પરિસ્થિતિ ઉભી થશે. તેથી ભારતીય બંધારણનો અમલ કરવા આપશ્રીને એક નગરસેવક તરીકે હું વિનંતી કરું છું. વોર્ડ નં. ૪ સેકટર-૨૧માં ગાંધીનગરમાં સરકારી જમીન ઉપર ટ્રાફિક કે જાહેર જનતાને અડચણ કે નડતરરૂપ ન બનીને લારી ગલ્લા પાથરણાં પથારીથી રોજીરોટી મેળવતા શ્રમજીવીઓની રોજીરોટી બંધ કરી બેકાર કરવામાં આવેલ છે. તેઓને વૈકલ્પિક જગ્યા ન ફાળવવામાં આવે ત્યાં સુધી રાહત છાવણી કરવા યોગ્ય કાર્યવાહી કરશો.

આપશ્રી જાણો છો કે સરકારમાં પણ રોજગારીની તકો ઓછી છે, અને ખાનગી ક્ષેત્રોમાં તેમજ બાંધકામ ક્ષેત્રમાં પણ મંદીની પરિસ્થિતિ છે ત્યારે સ્વયં પોતાની રોજગારી માટે ધંધો વ્યવસાય કરતાં ભારતીય બંધારણના અધિકારની રૂએ તેમનો ધંધો-રોજગારી છીનવવી ન જોઈએ તો સંકલન કરી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

શબ્દાવલી - ૫૨૭૪

૧		૨	૩	■	૪		૫
	■	૬		૭		■	
૮		■	૯			■	
	■	૧૦		■	■	૧૧	■
૧૨		■	૧૩	૧૪	૧૫		■
■		૧૬	■	૧૭		■	૧૮
૧૯			■	૨૦		૨૧	
	■	૨૨		■	■	૨૩	

આડી ચાવી

૧. ખજાનો સંભાળનાર (૪)
૪. અપ્રમાણિક (૩)
૬. શમશેર, ખડગ (૪)
૮. પગલું (૨)
૯. ત્વરીત, ઝડપથી (૩)
૧૦. માથા વગરનું શરીર (૨)
૧૨. કિર્તી, યશ (૨)
૧૩. કુટુંબ (૪)
૧૭. પગથિયાવાળો કૂવો (૨)
૧૯. નાશક, મોત નિપજાવે તેવું (૩)
૨૦. મુખ્ય, મુળ, મૂળ સાથે(૪)
૨૨. ક્રિકેટમાં આઉટ થયા વિના બે ખેલાડી બોલને ફટકારી સામસામા દોડવું તે (૨)
૨૩. નહેર (૨)

ઊભી ચાવી

૧. જર્જરીત, જરીપુરાણું (૫)
૨. નીચું (૨)
૩. બાજ-સમડી જેવી ઝડપ(૫)
૪. જમીન ખોદવાનું બાગ કામનું ઓજાર (૩)
૫. એક કંદ (૩)
૭. બગીચાને ફરતી ઝાડી, આડશ (૨)
૧૧. હથિયારની તીણી કિનારી(૨)
૧૪. રસમ, રીત (૩)
૧૫. સમાચાર (૩)
૧૬. નોકર (૩)
૧૮. નાનકડું છોકરૂં (૩)
૧૯. ખડ, ચાર (૨)
૨૧. યોગી, સાધુ (૨)

શબ્દાવલી ૫૨૭૩ના જવાબ

આડી ચાવી :- (૧) કતરણ (૩) શત (૫) તરબૂચ (૭૦ મહેનત (૮) રક્ષા (૯) તરબૂચ (૭) મહેનત (૮) રક્ષા (૯) વાચા (૧૦) ડ્રોક (૧૨) શાયર (૧૪) સાબૂત (૧૫) રગ (૧૬) આસન (૧૮) વરતારો

ઊભી ચાવી :- (૧) કળતર (૨) રહેમ (૩) શરત (૪) તંબૂ (૫) તન (૬) ચકચાર (૯) વાયરસ (૧૦) ડોસા (૧૧) કબૂતર (૧૩) ફારસ (૧૬) આરો (૧૭) નદી